# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

જૂલાઈ–૨૪ | વર્ષ : ૬૦
વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



॥શ્રી ગુરૂભ્યો નમઃ॥

ગઝલ...

હોય ઈચ્છા પ્હોંચવા કણકણ સુધી,
તો પ્રથમ જાવું પડે દર્પણ સુધી.
એ ઊડ્યાં ખેતર બધું લઈ ચાંચમાં,
હાથ મારો ના ગયો ગોફણ સુધી.
જે તરસ છીપી નહીં કોઇ તટે,
એ તરસ પથરાઈ છેવટ રણ સુધી.
કમનસીબે નીંદ પણ આવી નહીં
સ્વપ્ન તો આવ્યું હતું પાંપણ સુધી.
કૈંક અફવા, અટકળો ટોળે વળી,
લાગણી પ્હોંચી ગઈ સમજણ સુધી.
કાષ્ટમાંથી મોક્ષદાતા થઈ ગયું,
શર ગયું જે રામથી રાવણ સુધી.
આ અજાણ્યા માર્ગ પર જાશું પછી,
ચાલ, પ્હેલાં દોડીએં બચપણ સુધી.

-આશ્લેષ ત્રિવેદી

# લેણાદેવી

-દિપક બુચ-" dp",અમદાવાદ.

લેતી-દેતી ના અર્થ સાથે લેણા-દેણી અને છેવટે  સમાજમાં બહોળા પ્રમાણમાં વપરાતો શબ્દ,
લેણાદેવી થયો જણાય છે.આ શબ્દને
'હિસાબ-કિતાબ' સાથે ગાઢ નાતો છેતે સ્પષ્ટ જણાય છે.માનવદેહ મળતાં અગાઉ,જુદી-જુદી યોનિમાં થયેલ અનેક જન્મોમાં જે તે સમયે સારા-નરસા જે  કર્મો થયાં હશે તેની આખી એક "કિતાબ" રચાયેલ હશે! આથી તો શ્રી.કૃષ્ણએ કહ્યું છે:ગહના કર્મણો ગતિ:
લેણાં-દેણાંનો હિસાબ બને તેટલો સરભર કરવા,સંતોના કહેવા મુજબ  ઈશ્વર; માનવ જીવન સહેતુક બક્ષતો હોય છે.માનવ જીવન એ જીવ જગતની લાગેલી 'લોટરી' છે!કારણકે વિવેક બુદ્ધિ વાપરીને સદમાર્ગે-સદ્ ગતિ તરફ આગળ વધી શકવાની શકયતા માત્ર માનવદેહમાં જ શક્ય છે.
આપણું શરીર પંચમહાભૂતથી રચાયેલું છે.
આપણે જોઈએછીએ તેમ,પૃથ્વી-જળ-વાયુ-આકાશ-અગ્નિ;જીવમાત્રને સતત બધું આપ્યા જ કરે છે! આથી, પૂજ્ય શ્રી.શિવાનંદ સ્વામીએ કહેલું છે કે:Only thing to learn in life is:Learn to give; whatever one can.
વળી,પૂજય શ્રી.વિનોબા ભાવે તેમના "ગીતા-પ્રવચનો" માં જણાવે છે કે માનવ તરીકે જન્મતાં જ વ્યક્તિ પોતાના શરીર,સમાજ અને સૃષ્ટિ એમ ત્રણ પ્રકારના "દેવાં"-ઋણ સાથે જ જન્મે છે.એટલેકે 'દેવાદાર' તરીકે જ આપણે જન્મીએ છીએ.તેઓ જણાવે છે કે આ ઋણ ચૂકવવા,યજ્ઞ,દાન અને તપ એમ ત્રિવિધ ક્રિયાઓ કરવી જોઈએ. 'યજ્ઞ' એટલે સૃષ્ટિને આપણે જે 'ઘસારો' પહોંચાડીએ છીએ તેને ભરપાઈ કરવા પ્રયત્નો અને કાર્યો કરવાં જોઈએ. 'દાન' એટલે સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવું અને 'તપ' એટલે શરીર,મન,બુદ્ધિ અને ઇન્દ્રિયોને દોષમુક્ત કરવા શુદ્ધિકરણ કરવું...આ બધી પ્રક્રિયાઓમાં 'દેણાં' ચૂકવવાની બાબત સ્પષ્ટ તરી આવે છે.
આથી,મનુષ્ય જીવન દરમ્યાન લેણાં કરતાં દેણાંની પ્રાધાન્યતા રાખવી ઘટે!
આપણે જીવનભર, લેણાં એટલેકે અન્ય પાસેથી મેળવવાની આશા-અપેક્ષા જ રાખીએ છીએ.તેને બદલે જન્મતાંની સાથે જ પ્રાપ્ત થયેલ કર્મ,ગીતામાં જેને સ્વધર્મ કહ્યો છે તે અનુસાર, આપણાં "દેણાં" ચૂકવવામાં એટલેકે કુટુંબ,સમાજ અને દેશ પ્રત્યે આપણને જન્મતાંની સાથે જ "આપવામાં" આવેલી ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરવી જોઈએ.આ માયામયી નાટક મંચ પર આપણને મળેલું "પાત્ર" બખૂબી નિભાવી ઈશ્વરને તાળી પાડતો કરવો જોઈએ!
જેનાં "લેણાં" હશે તે વ્યક્તિઓ જ કુટુંબી તરીકે,સગાં તરીકે,સંબંધી તરીકે જે તે વ્યક્તિના માનવ જીવન દરમ્યાન સંપર્કમાં આવશે.લેણાંને આધારે સંપર્કનો સમયગાળો હોઈ શકે.
આથી,બીજાને "દેણાંની વૃત્તિ"-આપવાની વૃત્તિ રાખી,આપણું જન્મો જન્મનું;માનવ તેમજ અન્ય જીવોનું લેણું ચૂકવવામાં સતત જાગૃત રહેવું ઘટે.લેણાંની આશા અને ચિંતામાં,માનવ જીવન સહજ અને સરળતાથી વિતતું નથી.
ભૌતિક સ્તરે કે આધ્યાત્મિક સ્તરે આપવાથી જ "વૃદ્ધિ" થાય છે,નહીં કે લેવાથી...Giving is Growing!

<u>સંસ્થા સમાચાર :</u>

## શ્રી નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઇડ ટ્રસ્ટ,જામનગર

છેલ્લા ત્રણ દશકાથી જ્ઞાતિજનોને મેડીકલ જરૂરિયાત સમયે સહાય આપવાનું ઉમદા કાર્ય કરતી આ સંસ્થાની ૩૦મી વાર્ષિક સામાન્ય સભા તા.૩૦/૬/૨૪ના શ્રી હાટકેશ્વર હોલ ખાતે મળી ગઈ.બરછીને મળેલ વાર્ષિક અહેવાલનો ટૂંક સાર જોઈએ તો વર્ષ દરમ્યાન તબીબી સહાય માટે ૧૧ અરજી આવી હતી અને રૂા.૧,૨૩,૭૯૩/–ની સહાય મંજૂર કરી,આપવામાં આવી. વર્ષ દરમ્યાન નવી લોનની અરજી આવી નથી લોનના હપ્તા નિયમીત આવી જાય છે અને કુલ ૬૨,૫૦૦/–લોન બાકી રહે છે.. છેલ્લા ત્રણેક વર્ષથી 'ચાઇલ્ડ કેર'નો ઉપયોગ થતો નથી જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. અનુદાનોમાં દર વર્ષ મુજબ ચાલુ વર્ષે પણ સ્વ.અનસુયાબેન વસાવડાના સ્મરણાર્થે શ્રી ભરતભાઈ વસાવડા તરફથી રૂા.૬૪૫૦૧/– ડો.આર. ટી.મહેતા તરફથી રૂા.૨૫,૦૦૦/– ખંભાળીયાના શ્રીમતી ભાવનાબેન રીડાણી તરફથી રૂા.૧૧૦૦૦/– તથા શ્રી નરેન્દ્રભાઈ વછરાજાની તરફથી રૂા.૫૦૦૦/–ઉપરાંત ૪૫ નાના મોટા યોગદાન મળ્યાં છે.

પ્રમુખશ્રી ઉર્વશીબેન વૈષ્ણવ અને સ્થાપક સભ્યોમાંના શ્રી પ્રવિણભાઈ બુચ,ડો. જે.વી.ધોળકિયા, શ્રી અંબરિષભાઈ જથ્થલ,પ્રમોદભાઈ સ્વાદિયા,જ્યોતિન્દ્રભાઈ રીડાણી જેવા વડીલ સભ્યો તથા ટ્રસ્ટીઓ ની જહેમત સાથે નિઃસ્વાર્થ પરમાર્થી સેવાભાવનાની સુવાસ થકી જ્ઞાતિજનોના આ સૌ પરના વિશ્વાસથી દાતાઓની ઉદાતભાવના દ્વારા આજના કપરા સમયમાં જ્ઞાતિ માટે મૂલ્યવાન યજ્ઞકાર્ય અવિરત ચાલી રહયું છે.દાતાઓ તથા દરેક કાર્યવાહક સભ્યો– સેવકોને ધન્યવાદ આપીએ.

## અ.ભા.નાગર પરિષદ,રાજકોટ

સૌરાષ્ટ્ર–કચ્છમાંથી ચાલુ વર્ષમાં ઉચ્ચતર ગુણાંક સાથે ઉત્તીર્ણ થનાર ધોરણ–૧૦–૧૨ તેમજ કોઈપણ વિદ્યાશાખામાંથી સ્નાતક કક્ષાએ તથા એમ.બી.બી.એસ.માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને દર વર્ષ મુજબ સંસ્થા દ્વારા પારિતોષીક આપવામાં આવનાર છે.જે અંગેના ફોર્મ પરિષદની ઓફીસ(સદ્ગુરૂ કોમ્પલેક્ષ,રૈયા રોડ)ખાતેથી મેળવી તા.૩૧/૮/૨૪ સુધીમાં ભરીને પહોંચાડી આપવા યાદીમાં જણાવાયું છે.અન્ય માહિતી માટે શ્રી બાલેન્દુભાઈ મહેતા–મો.૯૪૨૮૨૯૯૭૦૧નો સંપર્ક સાધશો.

અ.ભા.ના.પરિષદ–રાજકોટ શાખા દ્વારા 'મેડિકલ સાધનોની બેંક' શરૂ કરવામાં આવી છે.જે દ્વારા જેઓને જરૂર હોય તેમને વ્હીલચેર,કોમોડ ચેર,વોકર,બેડ પેન,યુરીનપોટ,ફોલ્ડેબલ બેડ,એર બેડ,વોટર બેડ તથા અન્ય મેડિકલ સાધનો નિઃશુલ્ક મેળવી શકશે.નોંધપાત્ર છે કે જ્ઞાતિના લાભાર્થે આ સાધનો હંસાબેન નરેન્દ્રભાઈ માંકડના સ્મરણાર્થે તેમના પરિજનો તરફથી સંસ્થાને મળ્યાં છે.

આ ઉપરાંત વધુ જ્ઞાતિજનોને લાભ આપી શકાય તે ઉદ્દેશથી આવાં સાધનો ચાલુ હાલતમાં જેઓ પાસે હોય તેઓ આ બેંકમાં જમા પણ કરાવી શકે છે. જ્ઞાતિજનોને આ સાધનો મેળવવા કે જમા કરાવવા કૃપાબેન દેસાઈ– ૯૪૦૮૬૬૩૦૭૩ અથવા ૯૪૨૭૭૨૭૧૯૧નો સંપર્ક સાધવો.

## અખિલ ભારતીય નાગર પરિષદ,ગાંધીનગર

તાજેતરમાં અ.ભા.ના.પરિષદની સામાન્ય સભા રાષ્ટ્રિય પ્રભારી શ્રી વિરેશભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને રાંધેજા મુકામે મળી ગઈ.જેમાં હોદેદારો તરીકે શ્રી જૈમિનભાઈ વૈદ્ય–પ્રમુખ, શ્રી જયેશભાઈ રાવલ–મહામંત્રી, શ્રી વિપુલભાઈ ત્રિવેદી તથા શ્રી અતુલભાઈ મહેતા–ઉપ પ્રમુખ, શ્રી ચિરાગભાઈ રાવલ–મુખ્ય સલાહકાર, શ્રીમતી કેતકીબેન દવે–સલાહકાર, શ્રી આશિષભાઈ પંડિત–ખજાનચી. શ્રીમતી સોનલબેન મહેતા–મહિલા પ્રમુખ, શ્રીમતી ગાર્ગીબેન મહેતા–મહિલા ઉપ પ્રમુખ, શ્રી રીન્કેશ ભટ્ટ–યુવા પ્રમુખ જ્યારે શ્રી નિસર્ગ બુચ–યુવા મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

### કચ્છ નાગર પરિવાર,રાજકોટ

સંસ્થાના ઉપક્રમે તા.૯/૭ના રોજ કચ્છ અષાઢી નવ વર્ષ નિમિત્તે સ્નેહ મિલન સાથે શૈક્ષણિક પારિતોષીક વિતરણ કાર્યક્રમનું આયોજન થઈ ગયું.નાગર બોર્ડિંગ ખાતે સવારે ૧૦થી ૧ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમના મંચસ્થ અતિથિ વિશેષ સર્વશ્રી ડો.હેમાંગભાઈ વસાવડા,રાજીવભાઈ વૈશ્નવ, જે.ટી.બક્ષી, મકરંદભાઈ તથા શ્રીમતી શર્મિષ્ઠાબેન વોરા, પલ્લવીબેન અંજારિયા,ભાલચંદ્રભાઈ વૈદ્ય, વિપુલભાઈ પોટા તથા વિરેનભાઈ ધોળકિયાએ સૌને નવ વર્ષની શુભેચ્છા પાઠવી હતી.કાર્યક્રમ સંચાલનના સૂત્રધાર શ્રી અભયભાઈ અંજારિયા તથા શ્રીમતી સિદ્ધીબેન વોરાના સંચાલન હેઠળ ધોરણ– પથી કોલેજ કક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓને અતિથિ વિશેષોના હસ્તે પારિતોષીક વિતરણ કરવામાં આવ્યું હતું.શ્રી નૈષધભાઈ ધોળકિયા એ વર્ષ દરમ્યાન કચ્છ પરિવાર સાથે સંકળાયેલા દિવંગતોનો નામોલ્લેખ કરી સંસ્થા વતી શ્રદ્ધાંજલી આપી હતી.સંચાલકો દ્વારા સાંગિતીક રમતને અંતે 'ઐક્ય ત્યાં આનંદ' સૂત્રને સાર્થક કરતા સૌ એકબીજાને મળી ગોષ્ઠિ સાથે, સ્વાદિષ્ટ મેંગો મઠ્ઠો,પુરી,પાટવડી સમેતના ભોજનને ન્યાય આપી છૂટા પડયા હતાં.

## સમાચાર સંચય

રાજકોટ : બેઠા ગરબા અને લગ્ન ગીતો માટે છેલ્લા ૨૫ વર્ષથી જાણીતું આરાધના ગ્રુપ, અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ પણ કરી રહયું છે. તા. ૨૭/૬ના રોજ આ ગ્રુપની બહેનોએ,નિરાધાર અશક્ત વ્યક્તિઓની ઉત્તમ સંભાળ રાખી રહેલ સદ્‌ભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ, જરૂરિયાત મુજબના તેલના ડબા, ખાંડ,ઘી જેવી વસ્તુઓનું દાન કરી માનવતાલક્ષી સત્કાર્ય કર્યું.ગ્રુપની બહેનોની ઉદાત ભાવના બદલ સંસ્થા દ્વારા સર્ટિફીકેટ આપી બહુમાન કરવામાં આવ્યું હતું તેમજ નવા નિર્માણ થનાર વૃદ્ધાશ્રમના શીલાપૂજનનો પણ લાભ મેળવ્યો.

અત્રેના ખેવલ તારક વૈષ્ણવે વલ્લભવિદ્યાનગર ખાતેથી આઈ.ટી.એન્જીનિયરની પદવી મેળવ્યા બાદ બેંકની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ,માત્ર ૨૨ વર્ષની વયે બેંક ઓફ બરોડામાં ઉદયપુર ખાતે ઓફીસર તરીકે નિમણુક મેળવી છે. ચિ.ખેવલ,જૂનાગઢના સ્વ.નિરંજનભાઈ વૈષ્ણવના પૌત્ર અને જૂનાગઢના સ્વ. હરકાંતભાઈ ત્રિવેદીના દોહિત્ર થાય.

અત્રેના પ્રયાગ હેમંત બુચે ધોરણ–૧૨ની પરીક્ષા ૯૩% સાથે ઉત્તીર્ણ કરી, પ્રવેશ માટેની કપરી કસોટીમાં સફળતા મેળવી IIT મુંબઈમાં પ્રવેશ મેળવ્યો.

રાજકોટ : યશ્વી શૈલેષ દેસાઈ ધોરણ–૧૨ની પરીક્ષામાં ૮૭% સાથે ઉત્તીર્ણ થયાં. તેણીએ પોલિટીકલ સાયન્સમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવવા ઉપરાંત પ્રથમ ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવતાં તેમની મોદી સ્કૂલમાં એકેડેમિક એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં.

વડોદરા : જાણીતી શિક્ષણ સંસ્થા સરદાર ભવન ટ્રસ્ટ તરફથી અખંડ ભારતના શીલ્પી સરદાર વલ્લભભાઈ પટેલનાં પુત્રી અને અંગત મંત્રી એવાં સ્વતંત્રતા સેનાની મણિબેન પટેલના જીવન કવન વિષયક નિબંધ સ્પર્ધા યોજાય ગઈ. જેમાં અત્રેના જાણીતા હાસ્યકાર, વકતા, આયુર્વેદ તજજ્ઞ ડો. રાજેન્દ્ર કે. હાથીએ ચોથું સ્થાન મેળવી સંસ્થા તરફથી પ્રશસ્તિ પત્ર તથા સ્મૃતિ ભેટ મેળવ્યાં.

સગપણ–સગાઈ : રાજકોટ નિવાસી  બંકિમ અને ગીતાબેન ધોળકિયાનાં પુત્રી રુચિનું સગપણ ગાંધીનગર સ્થિત યશ દીપકભાઈ માંકડ સાથે.

---

## દિપ્તેશ મહેતાની સંઘર્ષ ગાથા :

અમદાવાદ સ્થિત શ્રી દિપ્તેશ મહેતા ઘણા વર્ષો સુધી સેલ્સ અને માર્કેટિંગ ક્ષેત્રે કાર્યરત હતા, જેઓ જાણીતી FMCG cosmetics garments બ્રાન્ડમાં એરીયા મેનેજર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે, પરંતુ શારીરિક અને માનસિક દોડધામને કારણે છેલ્લા ૧૨-૧૩ વર્ષ દરમિયાન હૃદયની તકલીફો ઊભી થઈ અને વારંવાર એન્જીયોપ્લાસ્ટિ કરાવી છે, ઉપરાંત સાત સાત સ્ટેન્ટ મુકેલાં છે તેથી તેઓએ આ દોડધામ વાળી નોકરીને તિલાંજલિ આપી. ટેન્શન મુક્ત રહેવા ગણના પત્ર કવિઓની કવિતાઓ નું વાંચન, જીવનના સ્વાનુભવોનુ લેખન તેમજ મિત્રોની ફોજ ઊભી કરી છે, આમ દીપ્તેશભાઈએ જિંદગીથી હાર માનવાને બદલે સોચ બદલી સાથે આત્મનિર્ભર બનવાના ઉદેશથી, નવી દિશાની ખોજ કરી, સૌનું સ્વાસ્થ્ય જળવાય તેવો વ્યવસાય પસંદ કર્યો અને અમદાવાદના પ્રહલાદનગર વિસ્તારમાં કાંસ્ય થાળી ફૂટ મસાજ કેન્દ્રની શરૂઆત કરી.

કાંસ્ય થેરાપી એ સૈકાઓ જૂની પરંપરાથી કાંસાની વાટકી થી તેલ કે ઘી દ્વારા પગના તળિયામાં કરવામાં આવતી મસાજ પદ્ધતિ છે. જે વાત્ત-પિત્ત અને કફના ત્રિદોષ થી થતા રોગોની સારવાર માટે કારગર સાબિત થયેલ છે.

દિપ્તેશભાઈના લખી જણાવ્યા મુજબ આ કાંસ્ય થેરાપીના ફાયદાઓ ટૂંકમાં જોઈએ તો... બ્લડ સર્ક્યુલેશન નિયમિત કરે છે, આંખોના કુંડાળા દૂર થાય છે, શરીરનો થાક ઘટાડી શરીરને ઠંડક આપે છે, ડાયાબિટીસને કારણે પગમાં થતી બળતરા ઓછી થાય છે અને ગેંગરીંગ થતું અટકે છે, અનિદ્રા દૂર કરે છે, પાચન ક્રિયામાં અને વજન ઘટાડવામાં પણ મદદરૂપ થાય છે.

શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં રસ ધરાવતા બંધુઓ વિશેષ વિગત/માહિતી મેળવવા તેમના મો. નં. ૯૮૯૮૧૧૨૨૪૪ ઉપર સંપર્ક કરશો.

## અનંતના યાત્રીઓને...




**નવસારી : હર્ષિદાબેન રજનીકાન્તભાઈ મંકોડીનું ૮૫ વર્ષની વયે અવસાન થયું. તેઓએ આશરે ૩૦ વર્ષ પહેલાં ઘણા વર્ષ બરછીના પ્રતિનિધિ તરીકે પોતાની સેવાઓ આપી ને ત્યાંના સમાચારો મોકલવા સાથે ઘણા જ્ઞાતિજનોને બરછી સાથે જોડયા હતા. બરછી પરિવાર તરફથી શ્રદ્ધાંજલિ.**

<u>અમદાવાદ</u> : મનીષ પ્રદ્યુમનભાઈ વૈદ્ય, વિભાસભાઈ પ્રતાપરાય આચાર્ય, જયંતભાઈ વિનોદરાય દેસાઈ (ઉ.વ.૮૧) પ્રહલાદરાય એલ. અવસત્થી, શ્રી પરેશભાઈ ઉપેન્દ્રરાય બૂચ (ઉ.વ.૬૪), જોગેન્દ્ર માર્કંડરાય માંકડ, સૌ. આરતીબેન કશ્યપ વછરાજાની, બિભાસ(બૈજુ) મજમુદાર, સંદીપભાઈ એ. દેસાઈ, સુધાબેન દિનેશચંદ્ર માંકડ. અ. સૌ. પ્રિયંવદા પ્રદ્યુમન છાયા, ડૉ. સુરેશભાઈ હર્ષદરાય પંડ્યા (ઉ.વ. ૮૨) <u>વડોદરા</u> : દક્ષેશ જયંતભાઈ માંકડ, (ઉ.વ.૫૦ ) પ્રફુલ્લબેન મનહરભાઇ ધોળકિયા, દિપકભાઈ ઈન્દ્રવદનભાઈ ઢેબર(નિવૃત SBI) ડૉ. કિરીટભાઈ જનાર્દનભાઈ દેસાઈ, (ઉ.વ.૭૨ - નિવૃત પ્રાધ્યાપક/ પ્રિન્સિપાલ B.Ed કોલેજ) ઉષાબેન કૃષ્ણકાંત બક્ષી, ગં.સ્વ. કલાવતીબેન મહેન્દ્રરાય અંજારિઆ (ઉ.વ. ૮૭), મધુકરભાઈ જુગેદ્રલાલ વસાવડા (ઉંમર ૮૮), ગં. સ્વ. નિર્મળાબેન રમેશચંદ્ર ઢેબર (ઉ.વ. ૮૪) દેવયાનીબહેન ચંદ્રહાસ વછરાજાની

<u>રાજકોટ</u> : અનિલભાઈ કંચનરાય વોરા (ઉ.વ.૮૩) ગં. સ્વ. અમીતા ઉજ્જવલ ધોળકીયા, જગદીશ હર્ષવંતભાઈ હાથી (નિવૃત એસબીઆઇ),ગં. સ્વ. હેમલતાબેન ઉષાકાન્તભાઈ છાયા, યોગેશભાઈ ગણપતરાય ધોળકિયા,રવીન્દ્રભાઈ કૌશિકરાય હાથી (ઉ.વ.૮૬ - નિવૃત મેનેજર યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા- દિગ્ગજ નાટ્ય કલાકાર સ્વ. હરસુખભાઈ કિકાણીના જમાઈ)

જૂનાગઢ : વ્રજેશભાઈ ત્રિવેદી, દુષ્યંતભાઇ શંતિરાય વૈશ્નવ (ઉ.વ.૮૬) //ભુજ : શ્રીમતી માલિનીબેન જગદીશચંદ્ર અંતાણી, (ઉ.વ.૭૩ -નિવૃત્ત THO અંજાર), ગં. સ્વ. તારાબેન દિનુભાઈ ધોળકિયા (ઉ.વ.૯૨), પ્રિયંવદાબેન કમલકાંતભાઈ અંતાણી (ઉ.વ.૮૭)//મુંદ્રા : કશ્યપભાઈ બુચ, ગોધરા : મીનાક્ષીબેન ભરતભાઈ માંકડ/મુંબઇ : ગં. સ્વ. સુરેખાબેન મુનિકુમાર બુચ, ઈલાબેન જનાર્દનભાઈ માંકડ,અવિનાશ મંગળપ્રસાદ વસાવડા (ઉ.વ.૬૯) //મહુવા : હરેશભાઈ નટુભાઈ મહેતા (જે.પી. પારેખ હાઈસ્કુલ) //અમરેલી : હર્ષવિણાબહેન રમણલાલ ઓઝા (ઉ.વ.૭૯) //તરુબેન સુરેન્દ્રભાઈ ત્રિવેદી(ઉ.વર્ષ ૮૨)

**દરરોજ અમને ચિંતનાત્મક મૌલિક સૂત્રો અમદાવાદના શ્રી મેહુલભાઈ ભટ્ટ દ્વારા** Choice is yours!**સાથે અને રાજકોટના વિરંચી બુચ દ્વારા** सब का मंगल हो **ની કામના સાથે વ્હોટ્સએપ મારફત મળે..બંને બંધુઓના આભાર સહ કેટલાંક સૂત્રો ફરી એકવાર નીચે બોક્સમાં મૂકવામાં આવ્યાં છે.**

ना बुरा होगा,
ना बढ़िया होगा
होगा वैसा,
जैसा नजरिया होगा..।

No matter what people think of you,
always keep singing your own song!
Choice is yours!

# એડમિરલ જે. જે. બક્ષી

નૌકાદળ રીઅર એડમિરલ જે.જે. બક્ષીનું ગત તારીખ ૮ જૂનના રોજ બેંગ્લોર ખાતે દેહાવસાન થતાં રાષ્ટ્રએ વીર સેનાપતિ અને દિગ્ગજ ઉદ્યોગ સાહસી ગુમાવ્યો છે. ‘જો બક્ષી’ તરીકે ઓળખવામાં આવતા શ્રી બક્ષી ભારતીય નૌકાદળની વિદ્યુત શાખાના નિષ્ણાત હતા. તેઓએ લિએન્ડર વર્ગના જહાજો (હિમગીરી) માટે ડિઝાઇન સાથે નૌકાદળના ડિજિટલ યુગની શરૂઆત કરી.

રાજકોટ ખાતે તેમના શાળાકીય અભ્યાસ પછી, શ્રી બક્ષીએ પ્રતિષ્ઠિત IIT BHU ખાતે ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી, ઓગસ્ટ ૧૯૫૯માં ભારતીય નૌકાદળમાં જોડાયા. આ દરમિયાન યુનિવર્સિટી ઓફ સાઉધમ્પ્ટન, સ્કૂલ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્પ્યુટર સાયન્સ ખાતે ઈલેક્ટ્રોનિક્સમાં ઉચ્ચ અભ્યાસ કર્યો.

૧૯૬૫માં તેઓએ યુ.કે.સ્વદેશી શિપબિલ્ડીંગ પ્રોગ્રામમાં ખાસ કરીને શસ્ત્રો અને વિવિધ પ્રકારના સેન્સર્સના એકીકરણ માટે મોટું યોગદાન આપ્યું હતું. શ્રી બક્ષી નૌકાદળમાં પ્રીમિયર ઇલેક્ટ્રિકલ એસ્ટાબ્લિશમેન્ટ કમાન્ડ, ૧૯૮૫-૮૭ INS વાલસુરા અને નેવલ હેડક્વાર્ટરમાં ACOM (SYSTEMS) તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. ભારતીય નૌકાદળમાં કોમ્પ્યુટર આધારિત તાલીમ શરૂ કરવાનો શ્રેય પણ તેમને જાય છે.

પોતાના ટેક્નિકલ જ્ઞાન અને ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરવા મે ૧૯૯૨માં ‘નેવી’ છોડી અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડમાં ડિરેક્ટર તરીકે જોડાયા, ઑક્ટોબર ૧૯૯૪માં તેઓ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરના પદ પર આરૂઢ થયા અને ઑક્ટોબર ૧૯૯૬ સુધી સેવા આપી. નવેમ્બર ૧૯૯૬માં તેઓની પસંદગી ટાટા પાવર સંચાલિત એરોસ્પેસ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડમાં મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ તરીકે કરવામાં આવી.જ્યાં ઓક્ટોબર ૨૦૦૩ સુધી, ૭ વર્ષ સુદીર્ઘ સેવા આપી.

તેઓ ઉદ્યોગસાહસિક હતા, તેથી સ્વતંત્ર વ્યવસાયમાં ઝંપલાવ્યું અને 'બક્ષી એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ'ની શરૂઆત કરી અને ૨૦૧૭ સુધી ચેરમેન અને સીઈઓ તરીકે સંસ્થાનું નેતૃત્વ કર્યું.

તેઓએ તેમની કારકિર્દી દરમિયાન અનેક મોટી અને જાણીતી કંપનીઓમાં ડિરેક્ટર મેનેજિંગ ડિરેક્ટર તરીકેના હોદ્દા સંભાળી પોતાના કૌશલ્યનો લાભ આપ્યો હતો. એડમિરલ બક્ષીના અનેક બહુમૂલ્ય યોગદાન બદલ વિશિષ્ટ સેવા મેડલ તેમજ અતિ વિશિષ્ટ સેવા મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી બક્ષી ઇન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી, યુકે.ના ફેલો અને ચાર્ટર્ડ એન્જિનિયર (CEng, FIET), ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડસ્ટ્રિયલ એન્જિનિયર્સના માનદ ફેલો અને ઇન્ડિયન સોસાયટી ઑફ લાઇટિંગ એન્જિનિયર્સના આજીવન સભ્ય હતા.

આવા પ્રતિભાસંપન્ન નર બંકા નાગરને શત શત નમન સાથે શ્રદ્ધાસુમન.

अहंकार
अकेलापन
में ले जाता है..!!
संभालिए...|

As You Think, So You Are.
As You Dream, So You Become.
As You Create Your Wishes,
So They Create You.
Choice is yours!

## કામનાથ એક તીર્થ ભૂમિ...

ભારતની ભૂમિ એટલે તીર્થભૂમિ. વિશ્વના દરેક દેશો પોત પોતાના ધર્મ પાળે છે. ધર્મ એ પ્રત્યેક રાષ્ટ્રની અસ્મિતા અને સંસ્કૃતિને ઘડનાર મહાન પ્રેરક બળ છે. અનેક તીર્થભૂમિમાં ઐતિહાસિક સહ સ્થળો વચ્ચે માંગરોળનું પણ એક યાત્રા સ્થાનોમાં આગવું મહત્વ છે.

જુનાગઢ જિલ્લાના માંગરોળથી સાત કિલોમીટર દૂર વનની વનરાજીઓ વચ્ચે કામનાથ મહાદેવ બિરાજે છે. કામનાથ મહાદેવના પ્રાગટ્યનો ઇતિહાસ ઉપલબ્ધ નથી, પણ અનુમાનો અનુસાર મહાદેવનું પ્રાગટ્ય સંવત ૧૭૪૦ - ૧૭૫૦ વચ્ચે સ્વયંભૂ થયાનું મનાય છે. સર્વપ્રથમ માધવ નામના વિપ્રના ધ્યાન પર આવતાં તે રોજ મહાદેવની આરાધના અર્થે માંગરોળથી જતો. ઝાડી ઝાંખરા સાફ કરી વૃંદાવન બનાવ્યું. મહાદેવના મંદિર પાસેની બે નદી મહાદેવના ચરણો પખાળે છે. નદી પાસે સ્નાન માટે કુંડ છે, જેમાં પાણી સતત વહી નદીમાં મળે છે. મંદિરની બાજુમાં જગ્યાના મહંત બલભદ્રની સમાધિ છે. ત્યાં જતા ભક્તો યાત્રિકો માટે રહેવાની ધર્મશાળાઓ છે. નાગર બંધુઓ માટે ઉતારામાં ઠામ-વાસણની પણ વ્યવસ્થા છે. શ્રાવણ માસમાં ત્યાં માનવ મહેરામણ દર્શનાર્થે, ભક્તિ અર્થે આવે છે. પૂજાપાઠ રુદ્રી કરાવવાની સગવડ પણ ત્યાં મળી રહે છે.

અંતર હૃદયની ભક્તિ કરનારને તેની મૂંઝવણનો ઉકેલ પણ મળ્યાની વિગત મળે છે. એક કણબી નામ વીરો, કરજ થકી મૂંઝાયો હતો. આ ભક્તનું રૂપિયા ૩ ૨૩ /- નું કરજ મહાદેવ કામનાથે ભરી આપ્યું હતું અને સાથે સંકેત પણ આપ્યો હતો કે છાનો માનો ચાલ્યો જજે, કોઈને વાત કરતો નહીં. આ છે મહાદેવની આંતરિક ભક્તિનું ફળ.


કામનાથ જવા માટે પહેલાના સમયમાં ચાલીને અથવા ગાડામાં જવાતું પરંતુ સમય બદલાતાં હવે બસ, રીક્ષા, ખાનગી વાહનો જેલ દરવાજેથી મળી રહે છે. વનવગડા સાથે કુદરતી સૌંદર્ય વચ્ચે કામનાથ દાદા દર્શન આપતાં શાંતિ અને ભક્તિનો અદભુત અનુભવ માણવા સાથે, પાવક તીર્થભૂમિની પવિત્રતાથી મનને પોષણ આપવાનો લાભ લેવા જરૂર જવું જોઈએ.

નાથના પણ નાથ છે કામનાથ બિરાજે મધ્યે માંગરોળ, નાક છે માંગરોળનું
રક્ષિત કરે સંસ્કૃતિ સંસ્કાર સંસ્કરણ, છે કુંડ સંગ્રહ જળ પવિત્રનો
પાવન કરે સ્નાને નદી નોળી, જાણે પખાળે ચરણ નાથના
છે સ્થાન નાગરોનું ચરણોમાં નાથના,કરે રક્ષિત ધર્મ ધ્યાન થકી જ્ઞાતિને
દુઆ નાથની કરે છે કૃપા જીવનભરની.

-પિનાકી સૂર્યશંકર શુક્લ રાજકોટ
મો. 93130 51458

विपरीत परिस्थितियों में भी आशा बनाए रखे...
प्रार्थना करें
सब का मंगल हो

The essence of strategy is choosing what not to do. Choice is yours!




પુસ્તક પરિચય :

**"શ્રી પ્રભાશંકર પટ્ટણી વ્યક્તિત્વ દર્શન"**

પેજ: ૩૩૬, પાકું પૂઠું, ૧૬ ફોટોગ્રાફ્સ સહિત

કિંમત રૂપિયા ૫૦/-

પૂ. સંત શ્રીમોટાની તીવ્ર ઈચ્છા હતી કે પ્રભાશંકરભાઈ પટ્ટણીનું જીવન ચરિત્ર પ્રગટ થાય, જે તેમના દેહવિલયનાં ૭ વર્ષ પછી ૧૯૮૩ બાદ મુકુન્દભાઈ પારાશર્યની અથાગ મહેનતથી ફળીભૂત થઈ છે અને "શ્રી પ્રભાશંકર પટ્ટણી વ્યક્તિત્વદર્શન" પુસ્તકની ચોથી આવૃત્તિ હરિ ૐ આશ્રમના આર્થિક સહયોગથી રાહતદરે પ્રગટ થઈ રહી છે.

પ્રભાશંકર પટ્ટણી એટલે ભારત દેશની આઝાદી વખતે ૫૬૨ રજવાડાંઓ પૈકી ભારતમાતાના ચરણે સૌપ્રથમ રાજ્ય સમર્પિત કરનાર પ્રાતઃસ્મરણીય મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીનો રસપૂર્વક ઉછેર કરનાર મહામાનવ.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ઈ.સ. ૧૯૪૮માં મદ્રાસ રાજ્યના ગવર્નર તરીકે નિમાયા ત્યારે માસિક એક રૂપિયાનું માનદ વેતન સ્વીકારી પ્રજાસેવાનો તેમજ ત્યાગનો ઉત્તમ દાખલો બેસાડયો હતો. બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલા મહારાજા એકાંતપ્રિય અને વિચારશીલ હતા કેમકે કુશળ રાજનીતિજ્ઞ અને દૂરંદેશી એવા ભાવનગર રાજ્યના દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણી દ્વારા તેમનું જીવન ઘડતર થયું હતું.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીનું બહોળું વાંચન,સરળ જીવન, પ્રકૃતિપ્રેમ અને સ્વતંત્ર વિચારસરણી ના કારણે ભારતના બદલાઈ રહેલા ભવિષ્યના પગરણ અગાઉથી પ્રભાશંકરભાઈ પિછાણી શક્યા હતા. એ કાળમાં આવી તટસ્થતા અને દૂરંદેશીપણાની સમજ બહુ ઓછા રાજવીઓમાં હતી. આથી સૌરાષ્ટ્રના રાજવીઓમાં તો તેમનું વ્યક્તિત્વ અનેક રીતે જુદું પડતું હતું ભારતમાં ચોતરફ તેમની વહીવટ કુશળતા અને ઉદારતાનાં ગુણગાન ગવાતાં હતાં.

પ્રભાશંકરભાઈ જેવા ચારિત્ર્ય ઘડતર અને જીવન વિકાસ વિષેના ઉત્તમ ગુણ-ભાવને પ્રગટાવવા ઉપરાંત ઉદારતા, વિશાળતા, સહનશક્તિ, ધીરજ, શાંતિ, પ્રસન્નતા, હિંમત, સાહસ, અભય, નમ્રતા, ત્યાગ, દયા, કરુણા, ક્ષમા, તટસ્થતા, વહિવટી કુશળતા,વડીલો પ્રત્યેનો આદરભાવ, વિરોધીઓ સાથેનો મૌલિક વ્યવહાર વગેરે અનેક પ્રેરક ગુણો વિકસાવી ઉત્તમ ચારિત્ર્ય ઘડતરના નિર્માણ માટે આ અવશ્ય વાંચવા ને વસાવવા જેવું પુસ્તક.

આ પુસ્તક પૂજ્ય શ્રીમોટાના હરિ:ૐ આશ્રમ નડિયાદ - સુરત ઉપર ઉપલબ્ધ છે.

તદુપરાંત આ પુસ્તક કુરિયરથી મંગાવવા માટે આપનું નામ, સરનામું, ફોન નંબર વગેરે વિગત વોટ્સએપ દ્વારા **+91 9727733400** નંબર પર મોકલી આપશો.

(કુરિયર ચાર્જ સાથે **1** બુકના રૂ. **90/-** , **2** બુકના રૂ. **140/-** ઉપરના નંબર પર ગૂગલ પે દ્વારા મોકલી શકાશે.)

## આરોગ્ય ગંગા :

આજકાલ વિટામિન બી-૧૨,કેલ્સિયમ અને વિટામિન ડી-3 ની ઉણપથી આખા શરીરે દાહ,જલન,પેશાબમાં જલનના કેસ વધ્યા છે. તેની ઉણપના પગલાં વિટામિનોની પૂર્તિ કરવાથી રાહત મળે છે પણ તેની જોડે ઠંડક આપતાં કેટલાક પ્રયોગો પણ લાભદાયક છે. (૧) સુખડ કે ચંદન પાણી કે ગુલાબ જળ સાથે ઘસી ને લેપ કરવો (૨) ઠંડા પાણીમાં કે બરફ વાળા પાણીમાં હાથ પગ રાખવા (૩) સુખડ,સૂકા ધાણા, વરિયાળી, કાળી દ્રાક્ષ, અને જેથી મધનું મિશ્રણ સુતરાઉ કાપડ ની પોટલી માં બાંધી માટીના ઘડામાં પાણી ભરી આ પોટલી તેમાં મૂકી રાખવી જલન થાય ત્યારે આ પાણી પીવું (૪) રાત્રે દિવેલ અને કપૂર મિક્સ કરી હાથે પગે ઘસવા (૫) ચામડીના વિકારને લીધે બળતરા થતી હોય તો ઇન્દ્રવરણાના પાકા ફળ ને એક મોટી થાળીમાં સમારીને મૂકવા. મોઢામાં સાકરનો ટુકડો રાખવો,તે ટુકડાનો સ્વાદ કડવો લાગે ત્યારે બન્ને પગ સ્વરછ પાણીથી ધોઈ નાખવા. આવી ક્રિયા રોજ બે વાર કરવાથી જલન દૂર થઈ જશે.

શું ના ખાવું? : લાલ મરચું,મસાલેદાર ખોરાક,તૈલી આહાર,ખાટા,તીખા, આથાવાળા ખાદ્ય પદાર્થો ન ખાવા વધુ પડતી ચા ન પીવી.

**વાઢિયા ,પગમાં ચીરાના કારણો :**

વધુ ચાલવું,બૂટ ચંપલ પહેર્યા વગર ચાલવું, ડીટરજંટ સાબુનો વધુ ઉપયોગ,પાણીમાં વધુ પગ રહેવા, પગની સ્વચ્છતાના રહેતી હોય,ઋતુ અનુસાર આહાર વિહાર ના હોય તથા વાયુના પ્રકોપને લીધે રુક્ષતા તથા લોહી બગાડ ને લીધે વાઢિયા થાય છે.

લક્ષણો : પગના તળિયામાં ચીરા પડે,એડી માં ચીરા પડે,ચામડી ફાટે, ખરજ આવે, ચાલતા એડીમાં દુઃખે,સાબુના પાણી જેવા ક્ષાર અડતા દાહ થાય ખોતરવાથી ચામડીના પડ ઉખડે.

ચિકિત્સા : બહારથી આવી પગને ઋતુ પ્રમાણે પાણીથી ધોવા,પછી ટુવાલ થી કોરા કરવા,ગંધક રસાયન, આરોગ્ય વર્ધીની, મંજિષ્ટાદી લેવા સવારે અને રાત્રે ગરમ પાણી માં લીંબુ નો રસ નાખી તેમાં થોડી વાર પગ રાખી ટુવાલથી કોરા કરવા જાત્યાદી મલમ,જીવાંત્યદી મલમ, પાદહારી મલમ , તલનું તેલ,દિવેલ,કોકમનું ઘી કે તેલ ત્રણ સરખા ભાગે લઈ ગરમ કરી રોજ હાથ પગના વાઢિયા ઉપર માલિશ કરવા. બાન કંપની નો Cut Far મલમ સારૂં કામ કરે છે.

- ડો રાજેન્દ્ર કે હાથી, વડોદરા.

मौका मिले तो सारथी बनने का प्रयत्न करना,
स्वार्थी नहीं...
प्रार्थना करें...सब का मंगल हो

Once you hit a certain age,
it is your responsibility to unlearn behaviours
that hinder your growth as a person.
Choice is yours!

**અંક ૧૨ ધરાવતી ૩૨ બાબતો :**

૧૨ મહિના–૧૨ અમૂલ્ય રત્નો–૧૨ આદિત્ય–૧૨ જ્યાતિર્લિંગ–૧૨ શિવ સંહિતા – ૧૨ ઋષિ –૧૨ ગ્રહો ૧૨ રાશી–૧૨ કુંડળી ભાવચક્ર –૧૨ ભૂષણ –૧૨ ગુજરાતી માસ , ૧૨ અંગ્રેજી મહિના, ૧૨ પારસી માસ, ૧૨ મુસ્લિમ માસ.

૧૨ દાનપાત્ર વસ્તુઓ : ગાય,તલ,ઘી,ધાન્ય,રૂપું, સોનુ, વસ્ત્ર,કોળું,ગોળ,મીઠું,કન્યા,ભૂમિ.

૧૨ ઋષિ : અગત્સ્ય,કપિલ,ગૌતમ,ચ્યવન,દુર્વાસા,નારદ,પતંજલી,માર્કંડેય,વેદવ્યાસ,વાલ્મિકી, શુક્રાચાર્ય, વિશ્વામિત્ર.

૧૨ શિવ સંહિતા : રૂદ્ર,વિશ્વંભર, ગણપતિ, ઉમા, માતૃ, એકાદશ રૂદ્ર, કૈલાસ, શતરૂદ્ર, કોટિરૂદ્ર, સહસ્ત્ર કોટિ રૂદ્ર, વાયુ, ધર્મ.

૧૨ મુખ્ય શક્તિપીઠો : કામાક્ષી, ભ્રામરી, કુમારી, અંબાજી, વિંધ્ય વાસિની, વિશાલાક્ષી, મંગલા, કાલી સુંદરી, ગુહ્યકેશ્વરી.

૧૨ ભૂષણ : નૂપુર,કિકીણી,હાર,નથ,ચૂડી,અંગૂઠી,શીશકુલ,વેદી,કંગન,કંઠશ્રી,બાજુબંધ,ટીકા.

૧૨ યોગક્રમ : મૂલાધાર,સ્વાધિષ્ઠાન,મણિપુર,અનાહત,વિશુધ્ધ,આજ્ઞા,સહસ્ત્ર,કુંડલીધ્યાન, નિર્વાણ, આકાશબીજ,કારણબ્રહ્મ,પરબ્રહ્મ ધ્યાન.

૧૨ સ્પર્શભેદ : ઉષ્ણ,શીત,સુખકારક,સ્નિગ્ધ,વિશદ્,કઠોર,કોમળ,રૂક્ષ,લઘુ,ગુરૂ,અતિબોજ.

૧૨ પાપ : પરસ્ત્રીગમન,પરદ્રવ્યહરણ,પરઅનિષ્ઠ,અપ કૃત્ય,બકવાદ,અસત્ય,ચાડીચુગલી,અપ્રિય વચન,અમાન્ય આહાર,હિંસા,દુષ્કૃત્ય,દરાગ્રહ.

૧૨ વ્રત–ગુણો : ધર્મ,સત્ય,ઈન્દ્રિય નિગ્રહ,તપ,ઈર્ષ્યા ન કરવી,લજ્જા,દોષારોપણથી દૂર,યજ્ઞ,દાન,ધૈર્ય, શાસ્ત્ર જ્ઞાન.

૧૨ સાહિત્ય રચના : કવિતા,નાટક,નિબંધ,નવલિકા,નવલકથા,આત્મકથા,ગઝલ,હાઈકુ,ડાયરી, વિવેચન, એકાંકી,પત્રલેખન.

૧૨ દાનના પ્રકાર : અન્નદાન,કન્યાદાન,ગૌદાન,વસ્ત્રદાન,ધનદાન,ભૂમિદાન,પાત્રદાન,ઋતુદાન, સેવાદાન,વરદાન,જ્ઞાનદાન.

૧૨ શુદ્ધિસાધન : જ્ઞાન,તપ,અગ્નિ,આહાર,માટી,મન,જળ,લીપણ,વાયુ,યજ્ઞકર્મ,ભાસ્કર(સૂર્ય) કાળ.

**માનવ સંબંધો :**

માનવ સંબંધને બે વિભાગમાં વહેંચી શકાય : (૧) જીવંત સંબંધ (૨) નિર્જીવ સંબંધો...આજે નિર્જીવ સંબંધોનું બજાર છલકાય છે.એમાંથી બચવા માણસે શું કરવું જોઈએ..માનવ સંબંધો આખરે તો માનવતાને આધારે જ ટકેલા હોય છે,એ ટકે અને માધુર્ય સાથે ટકી રહે તે માટે નીચેની બાબતોની જરૂર હોય

છે.(૧) સંબંધો ઓછા હોય તો ચાલે,પોલા હોય તો ન ચાલે.(૨) સંબંધો ત્યારે ખીલે,જ્યારે લેવાને બદલે આપવાનો જ મહિમા હોય.(૩) લેવડ દેવડની સ્વચ્છતા જ સંબંધને ટકાવી શકે.(૪) જેમ સ્વાર્થ ઓછો તેમ સંબંધનું આયુષ્ય વધારે.(૫) ઔપચારિકતા ઓછી રાખીને સહજતા વધારે રાખવી સારી.(૬) વારેવારે ખોટું લાગે એવા સંબંધ તૂટે ત્યારે દુ:ખી થવું નહી.(૭) આપત્તિ વખતે સંબંધોની ખરી કસોટી થતી હોય છે,એ વખતે ખપ ન લાગે તેવો તકલાદી સંબંધ ધીરેધીરે ઘટાડી નાખવામાં જ શાણપણ છે.(૮) સ્વચ્છ સંબંધ સુગંધીદાર હોય છે.એમાં દેખાડો ન હોય,સુગંધને જ બોલવા દો.(૯) સંબંધોનો ખોટો પથારો સંબંધોને ઉપરછલ્લા બનાવે છે.(૧૦) પારકી પંચાતથી સંબંધને દૂર રાખો.

ફિલ્મ 'પ્યાસા'નું ગીત–'યે દુનિયા અગર મીલ ભી જાયે તો ક્યા હૈ?'

<u>આધુનિક શિક્ષણ અને માનવ મન :</u>

આધુનિક શિક્ષણના પ્રભાવને કારણે માનવ મન નીચે ઉતરતું જાય છે અને મૂલ્યોનો વિનાશ થવા માંડયો છે, કારણ કે આપણે ઊંચ–નીચ અને ખરા ખોટાનો ભેદ પારખી શકતા નથી.આધુનિક શિક્ષણ કુશળ જ્ઞાન નથી પણ તે માત્ર તેનો નાશ કરતું હોય તેવું લાગે છે.માણસ પોતાના મનનું જ અનુસરણ કરે છે નહિ કે બુદ્ધિનું. એટલા માટે જ માનવ મન નરસામાંથી સારૂં,ખોટામાંથી ખરૂં પારખવાની શક્તિ ગુમાવી ચૂક્યું છે. મનુષ્યને બુદ્ધિ પ્રદાન કરવામાં આવી છે પરંતુ જે બુદ્ધિને પણ મનના માર્ગ પ્રમાણે ચલાવવામાં આવે તો મનુષ્યને અનેક રીતે ભટકાવવામાં આવશે પરંતુ બુદ્ધિને અનુસરશે તો સારા–નરસાનો ભેદ સહેલાઈથી પારખી શકે. જે વ્યક્તિ મનના કહયા પ્રમાણે જ અનુસરે છે તે પશુના સ્તર સુધીનું પતન નોતરે છે.જે વ્યક્તિ બુદ્ધિના કહયા પ્રમાણે જ અનુસરે છે,તે ઉચ્ચતમ (દિવ્યતમ)ના સ્તરે પહોંચી શકે છે.

શિક્ષણથી વિચાર,વાણી અને વર્તનની વિશુદ્ધિ આવવી જોઈએ.વાણીનું વાહન જીભ છે,તે ચાર જાતના પાપ કરે છે.જૂઠું બોલવું,બીજાની નિંદા કરવી,કૌભાંડ કરવાં અને અતિશય વાર્તાલાપ કરવો માટે જીભને વશમાં રાખી મીઠા–મધુર શબ્દો બોલવા જોઈએ અને વાક્ શુદ્ધિ માટે મન શુદ્ધિની પણ જરૂર રહે છે.

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.

**3BHK Flat available on Rent situated at Sachin Towers, Anandnagar Road,Satellite, Ahmedabad-380015. Interested may contact: Deepak Buch:9427616511.**

परखने वाले के साथ नहीं....!
समझने वाले के साथ रहिए....!!
प्रार्थना करें सब का मंगल हो

*Don't complain about the snow on your neighbor's roof when your own doorstep is unclean. Choice is yours!*

## સાયુજ્યનો અર્થ : હું નહી, આપણે -લેખક: વિનેશ અંતાણી

એક દંપતીના નવા ઘરનું વાસ્તુપૂજન હતું. પતિ અને પત્ની મહેમાનોને ઘર બતાવતાં હતાં. પતિ કહેતો હતો–આ બધા રૂમના કબાટોની ડિઝાઈન મેં બનાવી છે. પત્ની કહેતી હતી – ઘરના બધા પડદા મેં પસંદ કર્યા. બંનેમાંથી કોઈ 'અમે' શબ્દ બોલતાં નહોતાં. એ એમની આદત હતી અને તે આદત એમના લગ્નજીવનમાં બાધા ઉત્પન્ન કરતી હતી. એ બંને દરેક બાબતમાં પોતાને જ પ્રાધાન્ય આપતાં હતાં. એમ. ગેરી. નોયમેન અમેરિકામાં દામ્પત્યજીવનમાં આવતી સમસ્યાના સલાહકાર છે. એમણે લખ્યું છે: 'મારા સસરાએ અમેરિકાની સર્કિટ કોર્ટના ન્યાયાધીશ તરીકે પાંત્રીસ વર્ષ કામ કર્યું. એમણે નોંધ્યું હતું કે કેટલાક વકીલો એકબીજાની સામે દલીલો કરવામાં એટલા વ્યસ્ત રહે છે કે તેઓ મૂળ કેસની તો ચર્ચા જ કરતા નથી.' ગેરી નોયમેન ઉમેરે છે: 'આ જ વાત મેં ઘણાં પતિપત્નીના સંબંધોમાં પણ જોઈ છે. તેઓ લગ્નજીવનની મૂળભૂત બાબતો પર ધ્યાન આપવાને બદલે મોટા ભાગનો સમય એકબીજાની સાથે નજીવી બાબતો પર દલીલો કરવામાં જ પસાર કરે છે. એવાં યુગલોને હું 'મી કપલ' કહું છું. એની સામે 'વી કપલ' પણ હોય છે. 'મી કપલ' પોતાને 'હું' તરીકે જ જુએ છે. તેઓ 'વી કપલ'ની જેમ સહિયારા ભાવથી 'અમે' કે 'આપણે'ની જેમ જોતાં નથી.' ગેરી નોયમેનની વાત સાચી છે. માત્ર પોતાને જ પ્રાધાન્ય આપતાં પતિપત્ની સાચા અર્થમાં જીવન-સાથી, સરખેસરખાં ભાગીદાર, બની શકતાં નથી. એકમેકને પ્રેમ કરતાં હોય અને સુખી પણ હોય છતાં એમનામાં 'અમે' કે 'આપણે'નો ભાવ વિકસ્યો હોતો નથી. એની સામે 'અમે-આપણે'ની જેમ વર્તતાં પતિપત્ની એક ટીમની જેમ જીવે છે. એ એમનું સાયુજ્ય છે. એ યુગલોની વાતચીતમાં અને બોડી લેંગ્વેજમાં આ અભિગમ દેખાઈ આવે છે. તેઓ એમની નાનામાં નાની સફળતા કે મોટામાં મોટી નિષ્ફળતાને સહિયારી માને છે. 'યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા'માં કેટલાંક દંપતીઓના ઇન્ટરવ્યૂ લઈને લગ્નજીવન વિશે સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. એનું એક તારણ હતું–જે પતિપત્ની 'અમે'–'અમારું' જેવા શબ્દપ્રયોગ કરતાં હતાં એમના લગ્નનજીવનમાં ઝાઝી સમસ્યા નહોતી. તેઓ એકબીજા માટે સકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતાં હતાં, જ્યારે 'હું' અને 'તું' જેવો અભિગમ ધરાવતાં દંપતીના લગ્નજીવનમાં અસંતોષનું પ્રમાણ વધારે હતું. તેઓ દરેક બાબતનો દોષ બીજા પર ઢોળવાનું વલણ ધરાવતાં હતાં. 'અમે – આપણે' પ્રકારનાં પતિપત્ની પોતાને જોડકાંની જેમ જુએ છે. એમના જીવનમાં સારું કે નરસું જે કંઈ બને છે તે બંનેની સાથે અને બંનેને કારણે બન્યું છે એમ વિચારે છે. એમના લગ્નજીવનમાં પણ સમસ્યાઓ આવે છે પરંતુ તે માટે તેઓ પોતાને પણ જવાબદાર માનીને તરત સમાધાન કરવા તૈયાર હોય છે. તેઓ દોષનો ટોપલો

બીજી વ્યક્તિ પર ઢોળતાં નથી. તેઓ માને છે કે દામ્પત્યજીવનની સમસ્યાનો ઉપાય એમણે સાથે મળીને શોધવાનો છે. 'હું'પ્રધાન દંપતી સમસ્યામાંથી માર્ગ કાઢવાને બદલે એમના સંબંધમાં જાતજાતની ગૂંચ ઊભી કરે છે. 'અમે' પ્રકારનાં પતિપત્ની બનવું અઘરું નથી. ગેરી નોયમેન સૂચવે છે તેમ પતિપત્ની એમને નજીક લાવીને સાથે જોડવાનું શક્ય બનાવનાર પરિબળોને યાદ રાખે તો તેઓ જિંદગીભર જોડાયેલાં રહી શકે. એ પરિબળને આધાર માનીને આગળ વધતાં પતિપત્ની બધું સાથે મળીને કરે છે. સંતાનોના ઉછેરની કે ઘર ચલાવવાની જવાબદારી એક જ વ્યક્તિ પર આવતી નથી. તેઓ એમના સંસારનું ગાડું સાથે ખેંચીને આગળ ધપાવે છે. એકના આનંદમાં બીજાનો આનંદ ભળે છે અને સંતોષની લાગણી પણ સહિયારી બને છે. સુખ સહિયારું અને દુ:ખ પણ સહિયારું. સહિયારાપણાંની ભાવનાથી એમનો પ્રેમ સદા તાજો રહે છે. જીવનમાં સ્વતંત્રતાનો વિચાર મહત્ત્વનો છે પરંતુ તે લગ્નજીવનના ભોગે હોય તો મુશ્કેલી સર્જાવાની શક્યતા વધી જાય છે. સ્વતંત્રતા પણ કશુંક ગુમાવાની તૈયારી હોય તો જ દીપે છે. સાથે રહીને પણ એકમેકની સ્વતંત્રતાનું ગૌરવ કરી શકાય. એરિસ્ટોટલનું એક વિધાન છે: 'પ્રેમ એક આત્મા અને બે શરીરનું સંગીત છે.' એમાં એમણે અલગ વ્યક્તિત્વનો સ્વીકાર કરીને પણ એમનો આત્મા એક જ હોય એવી સંવાદિતાની સિમ્ફનીનો ખ્યાલ મૂક્યો છે. બે ભિન્ન વ્યક્તિત્વ સ્વતંત્ર રહીને પણ એક હોવાની ઊંચાઈ પ્રાપ્ત કરી શકે છે. દામ્પત્યજીવનમાં 'હું' એ 'આપણે'ની વિરોધી સ્થિતિ નથી. 'હું'નો સ્વીકાર કરીને પણ 'આપણાપણું'નો આનંદ માણી શકાય. 'અમે' ખરેખર તો બે 'હું'નો જ સરવાળો છે. અલગ છતાં એક. એ પ્રકારની ધરાવતાં દંપતીનાં વર્તમાન અને ભાવિ એક જ દિશામાં આગળ વધે છે. એમનામાં એકબીજાનો હાથ પકડીને સાથે ચાલવાની સહજતા આપોઆપ વિકસે છે. કોઈએ કહ્યું છે કે સફળ લગ્ન માટે જિંદગીમાં અનેકવાર પ્રેમમાં પડવું પડે છે–અલબત્ત, પોતાની પત્ની સાથે. નિકોલસ સ્પાર્કની પતિપત્નીના પ્રેમની જાણીતી નવલકથા 'ધ નોટબુક'નો નાયક કહે છે: 'હું કોઈ વિશિષ્ટ વ્યક્તિ નથી, સામાન્ય વિચારો ધરાવતો સામાન્ય માણસ છું. મારા નામે કોઈ સ્મારક બન્યાં નથી. મારું નામ બહુ જલદી ભૂંસાઈ જશે, પરંતુ હું મારી પત્નીને મારું હૃદય અને મારો આત્મા સંપૂર્ણપણે સમર્પિત કરી શક્યો છું એટલું જ મારા માટે પૂરતું છે.' આખી વાત છેવટે તો વરસતા વરસાદમાં 'હમસે મિલે તુમ, સજન, તુમ સે મિલે હમ...'નો ભરપૂર આનંદ માણવાની છે અને એમાં જ દામ્પત્યજીવનની સાર્થકતા છે. (સૌજન્ય : 'ડૂબકી' – રસરંગપૂર્તિ)

परखने वाले के साथ नहीं....!
समझने वाले के साथ रहिए....!!
प्रार्थना करें सब का मंगल हो

*Don't complain about the snow on your neighbor's roof when your own doorstep is unclean.*
*Choice is yours!*

શોધવો છે સુખ નો પ્રદેશ..

' સુખ અને દુઃખ,  છે આ માકડા મનના ખેલ,
આપણે જ છીએ, આ જોડીયા ને સર્જન કર્તા,
એમ તો છે એ એક બાબતના બે છેડા,
રાખશુ જો દર્ષ્ટા ભાવ,
બહાર આવી જશુ આ દ્વંન્દ માંથી,

છે આપણનો, કસ્તુરી મૃગના સ્વભાવ,
ભીતર જ છે, સુગંધ, આનંદની,
પણ મુકતા હોઇએ છીએ દોટ,
બહારના મૃગજળો પાછળ
પણ હાથમાંથી સરકી જતી રેતી જેમ,
જીવન છટકતું જશે,

બાહ્ય સુખ શોધતા પહેલાં,
ભીતર ઝાંકવું પડે છે,

ના કોઈ અભિપ્રાય,
માત્ર અવલોકન વર્તમાનનું,

સંતાયેલી છે અંદર મધુર લાગણી
લાવવી પડશે એને બહાર,
પછી ક્યાં રહેશે દૂર આ સુખનો પ્રદેશ...

- પરેશ અંતાણી, રાજકોટ.

ચાલને, માણસમાં થોડું વ્હાલ વાવી જોઈએ,
ને પછીથી વાડ થઈ વેલા ટકાવી જોઈએ.
બસ બને તો એક દીકરાને મનાવી જોઈએ,
એ રીતે ઘરડાંઘરો ખાલી કરાવી જોઈએ.
કેવી રીતે જળ અહીં આંસુ બને તે જાણવા,
વ્હાલસોયી દીકરી ઘરથી વળાવી જોઈએ.
કાખઘોડી લઈ અહીં ચાલે નહીં સંબંધ, દોસ્ત,
એકબીજાના ખભે એને ચલાવી જોઈએ.
બહુ સરળતાથી જગત જીતી જવાતું હોય છે,
આપણી આ જાતને પહેલાં હરાવી જોઈએ.

- ગૌરાંગ ઠાકર

છે આકાશે ઘેરાં વાદળ, મેઘમુબારક
જાણે આભે આંજ્યું કાજળ, મેઘમુબારક
શૈશવના કોમળ હાથોની એ જ ખૂબી છે
હોડી થઈને તરતો કાગળ, મેઘમુબારક
બે પથ્થરની વચ્ચે કાલે કાલે નહોતું કઈ પણ
આજ વહે છે ઝરણું ખળખળ, મેઘમુબારક
મારી જેમ જ ખુશ થાતાં વૃક્ષો-પંખીઓ
હરખ કરું હું એની આગળ, મેઘમુબારક
આભમહેલમાં કેદ થયોતો દરિયો આખો
આજ ખૂલી ગઈ એની સાંકળ, મેઘમુબારક

– ઉર્વીશ વસાવડા

जीवन को सफल करना अलग है,
और सार्थक करना अलग है..।
मंगल मई मां मंगल करजो
प्रार्थना करें...सब का मंगल हो

There are two ways to be rich:
One is by acquiring much,
And the other is by
desiring little.
Choice is yours!

# ABM TRAVELS

Discover your choice of destination in 2024,
we will make customized tour plan as per your requirement with
choice of selected hotels/resorts, top conditioned AC vehicles
with courteous drivers and lots of sightseeing for your comfortable
and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

● Shimla Manali ● Dalhousie ● Dharamshala ● Amritsar ● Vaishnodevi
Ladakh ● Kashmir ● Nainital ● Corbet ● Mussoorie ● Darjeeling
● Gangtok ● Ooty Coorg ● Kerala ● Lakshadweep ● Andaman
● Guwahati ● Shilong ● Arunachal ● Rajasthan ● MP ● south India ● Goa
■ Nepal Dubai ■ Singapore ■ Thailand ■ Malaysia
■ Bali ■ Maldives ■ Mauritius ■ Vietnam

Religious places and many more.

**Avinash Mehta**
9820817318
abmtravels@gmail.com


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

**ખાસ નોંધ લેશો કે...**(૧) જાન્યુઆરી માસથી બરછી પોસ્ટ/કુરિઅરના વિકલ્પમાં આપે જે રીતે લવાજમ ભર્યુ હોય તે મુજબ મોકલવામાં આવે છે. મેઈલીગ પ્રોગ્રામમાં પણ પોસ્ટ/કુરિયરના વિકલ્પ મુજબ બંનેની અલગ એડ્રેસ સ્લીપની પ્રિન્ટ નીકળે છે. વોટસએપનો ઓટો મેસેજ પણ મેઈલીગ લીસ્ટ માંથી પહોંચ રૂપે મોકલવામાં આવે છે. કુરિયર દ્વારા અંક ન મળે તો જાણ કરશો જ. જેથી કુરિયરને ફરિયાદ કરી શકાય અને ફરીથી/ બીજા માસના અંક સાથે મોકલી શકાય. સરનામામાં ફેરફાર હોય તો ગ્રાહક નંબર અથવા નામ સાથે તુરત મને મો.નં. ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર જાણ કરશો. સમાચાર,લગ્ન વિષયક જાહેરાત પણ આ નં. ઉપર લખી મોકલી શકો છો.**(૨) આપની એડ્રેસ સ્લીપમાં ગ્રાહક નંબર સાથે લવાજમ ક્યાં સુધી રીન્યુ છે તે પણ બતાવે છે. જેની નોંધ રાખશો.હવે તો સ્ક્રીનશોટ/ ફોટો રાખી શકો છોને ?**

**– તંત્રી.**


**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ
ગોલવાડ, બરોડા બૅંકની બાજુમાં,
સિદ્ધપુર(પાટણ)
ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫
મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૮૮૪૯૦૦૨૭૬૯**


**નીચેની એડ્રેસ સ્લીપમા જેમને Renewed up to 7/2024 હોય તેમનું લવાજમ આ માસમાં પૂરું થાય છે. મોકલી આપી સહકાર આપશો.**

**BOOK POST**


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.